ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦નું ઝળહળતુ પરિણામ : બંને જિલ્લાઓના વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમ નો માહોલ

# દાહોદ જિલ્લાનુ 81.29% જયારે પંચમહાલ જિલ્લાનુ 73.6% પરિણામ

**દાહોદ** જિલ્લામાં આ વર્ષે ધોરણ ૧૦માં કુલ ૨૯૬૨૧ વિદ્યાર્થીઓ નોંધાયાં હતાં જેમાંથી ૨૮૧૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

(પ્રતિનિધિ) દાહોદ,તા.26

દાહોદ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦નું આજરોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં દાહોદ જિલ્લાનું આ વર્ષનું ૮૧.૨૯ ટકા પરિણામ જાહે થવા પામ્યું છે. આ વખતે ધોરણ ૧૦માં દાહોદ જિલ્લામાં એ વન ગ્રેડમાં ૧૫૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.

ધોરણ ૧૦નું પરિણામ આજરોજ જાહેર થયું છે. જેમાં દાહોદ જિલ્લાનું આ વર્ષે ૮૧.૨૯ ટકા પરિણામ જાહેર થયું છે. જેમાં એ વન ગ્રેડમાં ૧૫૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. એ વન ટુ ગ્રેડમાં ૧૦૨૬ વિદ્યાર્થીઓ, બી વન ગ્રેડમાં ૩૦૬૯, બી ટુ ગ્રેડમાં ૬૦૮૩, સી વન ગ્રેડમાં ૭૧૯૯, સી ટુ ગ્રેડમાં ૪૮૬૩, ડી ગ્રેડમાં૪૯૨, ઈ વન ગ્રેડમાં ૨૫૯૨, ઈ ટુ ગ્રેડમાં ૨૬૭૫ અને અન્ય ગ્રેડમાં અન્ય વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આમ આજે શિક્ષણ વિભાગના વહીવટીતંત્ર દ્વારા ઓનલાઈન વેબસાઈટ અને વોટસએપના માધ્યમથી પરિણામ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓને જાણ થતા કહી ખુશી કહી ગમ નો માહોલ જોવા મળ્યો હતો.

દાહોદ જિલ્લામાં આ વર્ષે ધોરણ ૧૦માં કુલ ૨૯૬૨૧ વિદ્યાર્થીઓ નોંધાયાં હતાં જેમાંથી ૨૮૧૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

### દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ સેન્ટરોના પરિણામ

| | | | |
|---|---|---|---|
| દાહોદ | 92.87% | પીપેરો | 75.18% |
| દેવગઢ બારીઆ | 73.41% | કતવારા | 78.75% |
| ઝાલોદ | 71.90% | ઉકરડી | 92.22% |
| પીપલોદ | 85.66% | અભોલડ | 81.67% |
| ગરબાડા | 95.66% | કારઠ | 83.33% |
| ફતેપુરા | 79.41% | કુવા | 86.61% |
| લીમખેડા | 81.15% | રૂવાબારી મુવાડા | 66.20% |
| કંજેટા | 86.96% | ચુંદડી સેન્ટર | 69.58% |
| સીંગવડ | 78.09% | બાંડીબાર | 89.50% |
| જેસાવાડા | 92.00% | દેલસર | 96.23% |
| રાછરડા | 84.83% | નગરાળા | 89.73% |
| સાગટાળા | 86.95% | જાલત | 90.57% |
| લીમડી | 81.89% | મીરાખેડી | 96.07% |
| સુખસર | 70.70% | વેડ | 84.07% |
| સંજેલી | 61.31% | દાભડા | 81.41% |
| ગાંગરડી | 86.18% | રેટીયા | 90.37% |
| દુધીયા | 82.78% | જાદા ખેરીયા | 85.96% |

## SSC પરીક્ષાનું પંચમહાલ જિલ્લાનું 73.6 ટકા, હાલોલ કેન્દ્રનું 74.26 ટકા પરિણામ

(પ્રતિનિધિ) હાલોલ, તા.8

આજ રોજ ધોરણ 10 એસએસસી પરીક્ષાનું પરિણામ જાહેર થતા પંચમહાલ જિલ્લાનું 73.6 ટકા અને હાલોલ કેન્દ્રનું 74.26 ટકા પરિણામ આવ્યું છે. હાલોલ કેન્દ્રમાંથી 1495 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી . તેમાંથી 1110 વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જ્યારે 385 વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. ગોધરા રોડ સ્થિત વી.એમ. શાહ ગુજરાતી માધ્યમ શાળાનું 94.38 ટકા પરીણામ આવ્યું હતું. તેમાં બારીયા યુવરાજે 96.63 પર્સન્ટાઈલ મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જયારે જોશી સમર્થ 96.07 પર્સન્ટાઈલ મેળવી શાળામાં બીજું સ્થાન તેમજ ગોહિલ ક્રિષ્ના 95.03 પર્સન્ટાઈલ તેમજ મહેતા ભવ્યા 95.03 પર્સન્ટાઈલ મેળવતા આ બંને વિદ્યાર્થીઓએ શાળામાં ત્રીજો ક્રમાંક મેળવ્યો હતો.જયારે શ્રીમતી વી.એમ. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું 98 ટાકા પરીણામ આવ્યું હતું. જેમાં ખુશી યાદવ 98.62 પર્સન્ટાઈલ મેળવી શાળા માં પ્રથમ ક્રમાંકે મેળવ્યું હતું. જયારે ધૈર્ય પટેલ 97.64 પર્સન્ટાઈલ મેળવી બીજા નંબરે તેમજ ધ્વનિ પરીખ 97.27 પર્સન્ટાઈલ મેળવી ત્રીજા ક્રમાંક મેળવ્યો હતો. જયારે કૃપા કાછીયાએ 96.76 પર્સન્ટાઈલ મેળવી ચોથો ક્રમાંક મેળવી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. નગરના કંજરી રોડ સ્થિત કલરવ સ્કૂલ માં અંગ્રેજી માધ્યમનું 95% જયારે ગુજરાતી માધ્યમનું 85 % પરિણામ આવ્યું હતું.

આમ આજે શિક્ષણ વિભાગના વહીવટીતંત્ર દ્વારા ઓનલાઈન વેબસાઈટ અને વોટસએપના માધ્યમથી પરિણામ જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓને જાણ થતા કહી ખુશી કહી ગમ નો માહોલ જોવા મળ્યો હતો.

### કલરવ શાળા અંગ્રેજી માધ્યમ


ગુંજન જેતાવત
99.42 PR


અદિતી પટેલ
97.64 PR


હિમાની પરમાર
89.46 PR

**હાલોલ :** હાલોલની કલરવ શાળાનું ધો. ૧૦ નું ઝળહળતું પરિણામ છેલ્લા ૨૬ વર્ષથી આવી રહયું છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી અને ગૌરવ અનુભવાય રહયું છે. ચાલુ સાલે હાલોલ કેન્દ્રનું પરિણામ ૭૪.૨૬% આવેલ છે ત્યારે કલરવ શાળાનું અંગ્રેજી માધ્યમનું ૯૫% પરિણામ આવ્યું છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં પ્રથમ ક્રમાંકે ગુંજન જેતાવત (૯.૪૨(PR))(A1 ગ્રેડ),દ્વિતિય ક્રમાંકે અદિતિ પટેલ (૯૭.૬૪(PR)) (A1 ગ્રેડ) અને તૃતીય ક્રમાંકે હિમાની પરમાર(૮૯.૪૬(PR)) (A1 ગ્રેડ) આવેલ છે. શાળાનું સમગ્ર પરિણામ જોતાં અંગ્રેજી માધ્યમમાં A1 ગ્રેડમાં ૨, A2 ગ્રેડમાં ૩, B1 ગ્રેડ માં ૧૬, B2 ગ્રેડમાં ૧૪, C1 ગ્રેડમાં ૧૧ અને C2 ગ્રેડમાં ૨ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જે શાળાના શ્રેષ્ઠ શિક્ષકોના માર્ગદર્શન તે આભારી છે. કલરવ શાળા પરિવાર સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

### કલરવ શાળા ગુજરાતી માધ્યમ


તીથી મિશ્રા
94.24 PR


આસ્થા રાણા
94.24 PR


ધ્રુવ માલિવાડ
94.24 PR


કૃપા પરમાર
90.67 PR

**હાલોલ :** હાલોલની કલરવ શાળાનું ધો. ૧૦ નું ઝળહળતું પરિણામ છેલ્લા ૨૬ વર્ષથી આવી રહયું છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી અને ગૌરવ અનુભવાય રહયું છે. ચાલુ સાલે હાલોલ કેન્દ્રનું પરિણામ ૭૪.૨૬% આવેલ છે ત્યારે ૨૦ શાળાનું ગુજરાતી માધ્યમનું ૮૫% પરિણામ આવ્યું છે. જેમાં ગુજરાતી માધ્યમમાં પ્રથમ ક્રમાંકે અનુક્રમે તીથી મિશ્રા (૯૪.૨૪ (PR)) (A2 ગ્રેડ), દ્વિતિય ક્રમાંકે આસ્થા રાણા (૯૩.૭૫ (PR))(A2 ગ્રેડ), તૃતીય ક્રમાંકે ધ્રુવ માલીવાડ (૯૧.૨૫(PR)) (A2 ગ્રેડ), ચતુર્થ ક્રમાંકે કૃપા પરમાર (૯૦.૬૭ (PR)) (A2 ગ્રેડ) સાથે આવેલ છે. શાળાનું સમગ્ર પરિણામ જોતાં ગુજરાતી માધ્યમમાં A2 ગ્રેડમાં ૧૨, B1 ગ્રેડ માં ૭, B2 ગ્રેડમાં ૨૯, C1 ગ્રેડમાં ૨૨ અને C2 ગ્રેડમાં ૧૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જે શાળાના શ્રેષ્ઠ શિક્ષકોના માર્ગદર્શન ને આભારી છે.

## સિંગવડ તાલુકાની શ્રી સરદાર પટેલ વિદ્યાલય નાના આંબલીયાનું 91.30 % પરિણામ


પટેલ અમિતકુમાર દિનેશભાઈ
90.66% A Grade


બારીયા કેયુરકુમાર રમણભાઈ
88.50%


સંગાડા અજયકુમાર વિનોદભાઈ
85.00%

**સિંગવડ :** સિંગવડ તાલુકાની ધોરણ 10 એસએસસીનું 2025 નું પરિણામ તારીખ 8 5 2025 ના રોજ જાહેર થયું જેમાં સિંગવડ તાલુકાની શ્રી સરદાર પટેલ વિદ્યાલય નાના આંબલીયા નું પરિણામ 91.30 ટકા આવ્યું છે. શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ પટેલ તથા શાળા પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી

## લીમખેડાની હસ્તેશ્વર સ્કૂલના ૭ બાળકોએ A1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થઇ જિલ્લામાં ડંકો વગાડ્યો



**લીમખેડા :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં લીમખેડા ની શ્રી હસ્તેશ્વર શાળાના સાત વિદ્યાર્થીઓ એ-1ગ્રેડ સાથે પાસ થયા હતા જેમાં ભૂરિયા આયુષી 99.81 પી.આર સાથે સમગ્ર તાલુકામાં પ્રથમ અને જિલ્લા માં ટોપટેન માં સ્થાન પ્રાપ્ત કર્યું હતું શ્રી હસ્તેશ્વર સ્કૂલ જિલ્લાની પ્રથમ હરોળ ની શાળાઓમાં સ્થાન મેળવ્યું હતું જેમાં ચૌહાણ હિમાની 97.27 પી આર સાથે પ્રથમ, શ્રુતિકા પારગી 97.02 પી આર સાથે બીજા નંબરે તેમજ મુનિયા પ્રિયલ 93.91 પી આર સાથે ત્રીજા નંબરે ઉત્તીર્ણ થયા હતા ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવામાં આવી હતી.

ફતેપુરા તાલુકાના સુખસરની બે શાળાઓમાં તેજસ્વી દીકરીઓએ રંગ રાખ્યો

## નુતન વિદ્યાલયનું 73.18 ટકા જ્યારે શ્રીમતી એલ.બી કટારા કન્યા વિદ્યાલયનું 89 ટકા પરિણામ

(પ્રતિનિધિ) સુખસર,તા.8

માર્ચ 2025 માં લેવાયેલ ધોરણ 10 નું પરિણામ આજરોજ બહાર પડતાં સુખસરના નૂતન વિદ્યાલય સુખસર તથા શ્રીમતી એલ. બી કટારા કન્યા વિદ્યાલયના પરિણામ આવતા બંને શાળાઓમાં એક થી ત્રણ માં નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓમાં કન્યાઓએ મેદાન માર્યું હોવાનું જાણવા મળે છે. જાણવા મળેલ વિગતો મુજબ સુખસર નુતન વિદ્યાલય ખાતે પ્રથમ નંબરે આવનાર ખડિયા દિવ્યાબેન ભરતસિંહ 94.33 ટકા થી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.જ્યારે બીજા નંબરે મકવાણા રોહિતભાઈ મહેશભાઈ 79.33 ટકા જ્યારે ત્રીજા નંબરે મછાર શિવાનીબેન દિનેશભાઈના ઓએ 78.83 ટકા માર્ક પ્રાપ્ત કરેલ હોવાનું જાણવા મળે છે. નુતન વિદ્યાલય સુખસરનું 73.18% પરિણામ આવેલ હોવાનું જાણવા મળે છે.જ્યારે શ્રીમતી એલ.બી કટારા કન્યા વિદ્યાલય ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઓમાં પ્રથમ ક્રમાંકે પ્રજાપતિ મોહિનીબેન વિનોદભાઈ 91.16 ટકા એ ઉત્તિર્ણ થયા છે.જ્યારે પંચાલ દ્રષ્ટિબેન ભાવેશભાઈના ઓએ 89.67 ટકા પ્રાપ્ત કરી બીજો નંબર મેળવ્યો છે. કટારા પુષ્પાબેન રમેશભાઈના ઓએ 89 ટકા પ્રાપ્ત કરી શાળામાં ત્રીજા નંબરે પાસ થયા હોવાનું જાણવા મળે છે.આમ સુખસર ખાતે આવેલ નૂતન વિદ્યાલય સુખસર તથા શ્રીમતી એલ. બી કટારા કન્યા વિદ્યાલયમાં ધોરણ 10ના પરિણામમાં કન્યાઓએ બાજી મારી હોવાનું જોવા મળે છે.એક થી ત્રણ નંબરમાં પાસ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ શાળા પરિવાર તથા માતા-પિતા અને ગામ,સમાજનું ગૌરવ વધાર્યું હોવાનું જાણવા મળે છે.અને તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શાળાના આચાર્યો દ્વારા શુભકામના પાઠવવામાં આવી હતી.

સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીમા ખુશીની લહેર પ્રસરી ઊઠી

## કાલોલ એમજીએસ અને ગર્લ્સ સ્કૂલે બોર્ડની પરીક્ષામાં 95 ટકા ઝળહળતું પરિણામ

(પ્રતિનિધિ) કાલોલ,તા.8

તારીખ ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ ધોરણ દશ એસ.એસ. સી.બોર્ડની પરીક્ષા નું ઓનલાઈન પરિણામ આવ્યાની સાથે જ વિદ્યાર્થીમા ખુશીની લહેર પ્રસરી ઊઠી છે ત્યારે શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલિત એમજીએસ અને ગર્લ્સ હાઈસ્કૂલનું આ વર્ષે ૨૦૨૫ એસએસસી બોર્ડની પરીક્ષામાં ઝળહળતું બન્ને શાળામાં ૯૫ ટકા પરિણામ પ્રાપ્ત કરતાં




સમગ્ર શાળા સ્ટાફ સાથે શાળા સંચાલકોમાં ખુશીની લહેર પ્રસરી ઉઠી છે.પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલ શહેર સ્થિત ધી એમજીએસ અને ગર્લ્સહાઈસ્કુલ ૨૦૨૫ માં એસએસસી બોર્ડમાં બન્ને શાળામાં ધોરણ દસનું ૯૫ ટકા ઝળહળતું પરિણામ આવ્યું હતું.

જેમાં આ વર્ષે એસએસસી બોર્ડની પરીક્ષામાં શાળાના પાંચ વિદ્યાર્થીઓ એ ગ્રેડ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું જેમાં શના અંસારી ૯૮.૩૧ ટકા મેળવી શાળામાં પ્રથમ આવી છે જ્યારે પ્રિયંકા ચૌહાણ ૯૭.૭૬ ટકા સાથે બીજુ, રાજ પરમાર ૯૫.૮૪ ટકા સાથે ત્રીજું, વિરેન્દ્ર ઠાકોર ૯૪.૪૦ ટકા સાથે ચોથું અને જય વરીઆ ૯૪.૨૪ ટકા સાથે પાંચમુ ક્રમનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સીબી ગર્લ્સ હાઈસ્કુલ ના પરમાર દ્રષ્ટિ શાળામાં પ્રથમ તથા બીજા નંબર પર રાઠોડ ધ્રુવી તથા ત્રીજા ક્રમાંકો પર પટેલ હેન્ડવી ચોથા નંબર પર મલાવિયા ઉમ્મેહાની અને પાંચમાં નંબરે પટેલ ખુશી આવ્યા છે.

રહીશોએ એમ.જી.વી.સી. એલ કચેરીએ ઉગ્ર રજુઆત કરી

## હાલોલની વિઠ્ઠલ રેસિડેન્સી સહિત કેટલીક સોસાયટીઓમા ત્રણ દિવસથી વીજળી ડૂલ

**વીજળી** ન હોવાને કારણે પાણીની પણ સમસ્યાથી લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે



(પ્રતિનિધિ) હાલોલ, તા.8

પંચમહાલ જીલ્લામાં પાછલા દિવસોમા પડેલા વરસાદને કારણે હાલોલનગરમાં કેટલીક સોસાયટીઓમા લાઈટો ડુલ થઈ જવાથી રહીશો હેરાન પરેશાન થઈ ગયા હતા. જેના કારણે રહિશોઓ એમજીવીસીએલ કચેરી ખાતે જઈને રજુઆત કરી હતી.રહીશોનું કહેવું છે કે વરસાદ આવ્યો તે દિવસથી લાઈટો બંધ થઈ ગઈ છે. આ અંગે અમે ઓનલાઈન પણ કમ્પલેન નોધાવી છે.પણ ત્રણ દિવસ થઈ ગયા પણ લાઈટો આવી નથી.અહી વીજ વિભાગના અધિકારીઓ પણ યોગ્ય જવાબ આપતા નથી.પચમહાલ જીલ્લામા આવેલા વરસાદ અને મીની વાવાઝોડાના કારણે વીજળીના થાંભલાને પણ નુકશાન પહોચ્યુ હતુ જીલ્લામા પણ વીજપોલ પડી જવાની ઘટનાઓ બની છે.ત્યારે જીલ્લાના ઓધોગિક નગર ગણાતા હાલોલના ફાયર સ્ટેશન વિસ્તારમા આવેલી વિઠ્ઠલ રેસીડેન્સી તેમજ અન્ય શિવાયલ સોસાયટીના રહીશોએ એમજીવીસીએલ કચેરી ખાતે એકત્ર થઈને રજુઆત કરી હતી. પાછલા ત્રણ દિવસથી લાઈટ ન હોવાને કારણ રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. લાઈટ ન હોવાને કારણે પાણીની પણ સમસ્યા થઈ પડી છે. બાળકો હેરાન પરેશાન થઈ પડ્યા છે. લાઈટ ન હોવાને કારણે રહિશો દ્વારા ઓનલાઈન કમ્પલેન કરાઈ છે પણ તેનુ કોઈ પરિણામ આવ્યુ નથી. વધુમા રહીશો દ્વારા એમજીવીસીએલ કચેરી દ્વારા જઈ રજુઆત કરવામા આવતા લાઈટ આવી જશે તેવા જવાબો મળે છે.

હાલોલના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગંદકીનુ સામ્રાજ્ય

## જૂની ફોરેસ્ટ ઓફિસના ગેટ સામે પાણી ભરાતા અસહ્ય દુર્ગંધ ફેલાઈ



(પ્રતિનિધિ) હાલોલ, તા.8

વરસાદનું માવઠું થતા હાલોલના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને એમજીવીસીએલ ડુલ થઈ હતી. હાલોલ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે, ત્યારે હાલોલ નગરના કેન્દ્રમાં આવેલા બસ સ્ટેન્ડ એરિયામાં જૂની ફોરેસ્ટ ઓફિસના ગેટ આગળ પાણી ભરાયું હતું. હાલોલ નગરપાલિકાએ હાલોલ બસ સ્ટેન્ડ સર્કલ પર આવેલા પટેલ મેડિકલથી જુની ફોરેસ્ટ ઓફિસના ગેટ સુધી 60 મીટર સ્ટ્રોંમ વોટર ડ્રેનેજ નાખવાનો તેમજ ત્રણ ચેમ્બર નવા બનાવવાના ઢાંકણા ફીટીંગ કરવાની કામગીરી કોન્ટ્રાક્ટર સંતોષકુમાર બી રાજપુતને સોંપવામાં આવી હતી. જેઓને કોન્ટ્રાક્ટ 2024 માં આપવામાં આવ્યો હતો. તે વિસ્તારમાં રહેતા તથા દુકાનદારો તથા આવતા ગ્રાહકો આ ભરાયેલા ગંદા પાણીથી ત્રાહિમામ પામ્યા હતા. દુકાનદારોના જણાવ્યા મુજબ તેઓના રોજગાર ઉપર માઠી અસર પડી હતી.

વર્ષ 2020માં દાહોદમાં પ્રેમ પ્રકરણમાં ખુની ખેલ ખેલાયો હતો

## પોતાની પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી દીધાં બાદ પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કરનાર પ્રેમી યુવકને આજીવન કેદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

દાહોદ શહેરના ગુરૂદ્વારામાં વર્ષ ૨૦૨૦ એટલે કે, તારીખ ૦૮.૦૭.૨૦૨૦ના રોજ પ્રેમ પ્રકરણમાં ખુની ખેલ ખેલાયો હતો. જેમાં પ્રેમીકાના અન્ય સ્થળે લગ્ન નક્કી થઈ જતાં તે સમયે પ્રેમીએ પ્રેમીકાને મળવા બોલાવી હતી અને જે સમયે દાહોદ શહેરના ગુરૂદ્વારામાં પ્રેમીએ પ્રેમીકાના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયાર વળે ઘા મારી મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર પ્રકરણને પગલે દાહોદ જિલ્લામાં જેતે સમયે ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. સમગ્ર બનાવનો મામલો એવો છે કે, આરોપી પંકજભાઈ લાલાભાઈ વણઝારા (રહે.ઝાલોદ, લીમડી, તા.ઝાલોદ, જિ.દાહોદ) નો અને ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેતાં ૧૯ વર્ષીય સીરીનબેન સલામભાઈ ભટીયારા બંન્ને વચ્ચે પ્રેમ સંબંધ હતો. તે સમયે સીરીનબેનના લગ્ન નક્કી પરિવારજનો નક્કી કરી દીધાં હતાં.

સીરીનબેનના લગ્ન તારીખ ૧૦.૦૭.૨૦૨૦ના રોજ થવા જઈ રહ્યાં હતાં ત્યારે તે પહેલા એટલે કે તારીખ ૦૮.૦૭.૨૦૨૦ના રોજ સીરીનબેન લગ્નની ખરીદી માટે દાહોદ આવ્યાં હતાં. આ દરમ્યાન સીરીનબેનનો સંપર્ક પોતાના પ્રેમી આરોપી પંકજભાઈ વણઝારા સાથે થયો હતો અને આરોપી પંકજભાઈએ સીરીનબેનને ધાકધમકીઓ આપી મળવા માટે મજબુર કરી હતી. ત્યારે તે દિવસે સીરીનબેન આરોપી પંકજભાઈને મળવા માટે ગુરૂદ્વારા ખાતે ગયાં હતાં. સીરીનબેન પોતાના સ્વજન રોશનીબેન હુસેનભાઈ ભટીયારાને સાથે લઈ ગુરૂદ્વારા ખાતે આરોપી પંકજભાઈને મળવા માટે ગયાં હતાં. ત્યારે ગુરૂદ્વારાની બહાર રોશનીબેનને ઉભા રાખી આરોપી પંકજભાઈ અને સીરીનબેન બંન્ને બાથરૂમમાં મળવા ગયાં હતાં જ્યાં આરોપી પંકજભાઈએ સીરીનબેનને પોતાની સાથે લાવેલ તીક્ષ્ણ હથિયારથી ગળાના ભાગે ઘા મારી લોહીલુહાણ કરી નાંખી હતી અને પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તમામ મામલાનો કેસ દાહોદની કોર્ટમાં ચાલી રહ્યો હતો ત્યારે આ કેસના વકીલ જીતેશભાઈ લાલપુરવાલાએ કોર્ટમાં જરૂરી પુરાવાઓ અને દલીલો કરતાં આરોપી પંકજભાઈ ભટીયારાને દાહોદની કોર્ટે આરોપી જાહેર કરી આરોપી પંકજભાઈને આજીવન કેદની સજાની સાથે સાથે ૧૦ હજારના દંડની રકમનો હુકમ ફરમાવ્યો હતો અને જો આરોપી પંકજ ભટીયારા દંડની રકમ ન ભરે તો વધુ ૦૬ માસની સાદી કેદની સજાનો હુકમ પણ દાહોદની કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો.